GJTP060037232025

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૬–૦૯–૨૦૨૫ | | |
| કેસ નોંધણી તારીખ | ૦૬–૦૯–૨૦૨૫ | | |
| કેસ ફૈંસલ તારીખ | ૦૧–૦૪–૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**સોનગઢનાં મહેરબાન પ્રીન્સીપાલ સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મું.સોનગઢ**

**ફોજદારી કેસ નંબર : ૩૩૫૮/૨૦૨૫**
**આંક :–**

**ફરિયાદી :–**
શ્રી સરકાર

***વિરુધ્ધ***

**આરોપી :–**
(૧)નિલેષભાઈ ઉર્ફે ટાઈસન રમણભાઈ કોંકણી,
રહે.હાથી ફળીયુ, તા.સોનગઢ, જી.તાપી.
(૨)અયુબભાઈ બાબુભાઈ ગામીત,
રહે.પાંખરી નિશાળ ફળીયુ, તા.ઉચ્છલ, જી.તાપી.

**બાબત :– જુગારધારા કલમ–૧૨ મુજબ**
**ફરિયાદ પક્ષે વિદવાન એ.પી.પી.શ્રી બી.એમ.પટેલ**
**આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એમ.ટી.ગામીત**

## –: JUDGMENT (જજમેન્ટ) :–

**NARRATION Of FACTS:- (કેસની હકીકતોનુ નિરૂપણ)**:–

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૬–૫–૨૦૨૫ ના કલાક–૧૫:૫૦ વાગ્યે મોજે સોનગઢ ગામે નવા આર.ટી.ઓ. પાસે સાંઈકૃપા ગેસ્ટ હાઉસ પાછળ ખુલ્લી જગ્યામા જાહેરમા વગર પાસ પરમીટે ગંજીપાનાનો હારજીતનો જુગાર રમી રમાડી જુગારના સાધનો ગંજી પાના નંગ–૫૨ કિં.રૂ.૦૦/– વણવપરાયેલ કેટ નંગ–૨ તથા દાવ ઉપરના રોકડા રૂ.૩૪૦/– તથા જુગાર રમવા માટેના હાથ ઉપર રાખેલ તથા અંગઝડતીના રોડક રૂ.૮૭૦/– મળી કુલે કિં.રૂ.૧૨૧૦/– ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુનો કરી, જુગાર ધારા ની કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ છે.

(૨) સદર કામના આરોપીને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં તેઓ તેમના વિદવાન વકીલશ્રી સાથે નામદાર કોર્ટમાં હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે પુરી પાડયા બાદ આરોપીની આંક–૪ થી ૫ પ્લી નોંધતાં આરોપીઓએ પોતાને ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ છે.

(૩) **Oral and Documentary Evidence (મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા):–**

| **ક્રમ** | **આંક** | **સાહેદનુ નામ** |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદી ગોપાળકુમાર કાળુભાઈની જુબાની |
| ૨ | ૧૪ | ફરીયાદ |
| ૩ | ૭ | પંચ સાહેદ નિલેશભાઈ મનસુખભાઈની જુબાની |
| ૪ | ૮ | પંચનામુ |
| ૫ | ૯ | પંચ સાહેદ વિજયભાઈ બાકીલાલભાઈની જુબાની |
| ૬ | ૧૦ | સાહેદ દશરથભાઈ ભુપતભાઈની જુબાની |
| ૭ | ૧૫ | સાહેદ ભાવેશભાઈ સરદારભાઈની જુબાની |
| ૮ | ૧૮ | ત.ક.અ. માર્મિકભાઈ હરેશભાઈની જુબાની |

(૪) આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરિયાદ પક્ષે એપીપીશ્રી એ પુરાવો પુરો થયા નું મૌખીક રીતે જાહેર કરતા તેના આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપીનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોધવા પાત્ર પુરાવો જણાતો ન હોઈ આરોપી નું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાચીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

## **-:મુદ્દા(Issue):-**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૬-૫-૨૦૨૫ ના કલાક-૧૫:૫૦ વાગ્યે મોજે સોનગઢ ગામે નવા આર.ટી.ઓ. પાસે સાંઈકૃપા ગેસ્ટ હાઉસ પાછળ ખુલ્લી જગ્યામા જાહેરમા વગર પાસ પરમીટે ગંજીપાનાનો હારજીતનો જુગાર રમી રમાડી જુગારના સાધનો ગંજી પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- વણવપરાયેલ કેટ નંગ-૨ તથા દાવ ઉપરના રોકડા રૂ.૩૪૦/- તથા જુગાર રમવા માટેના હાથ ઉપર રાખેલ તથા અંગઝડતીના રોડક રૂ.૮૭૦/- મળી કુલે કિં.રૂ.૧૨૧૦/- ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુનો કરી, જુગાર ધારા ની કલમ-૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

**૧. નકારમાં.**

**૨. આખરી હુકમ મુજબ.**

**// કારણો //**

**મુદ્દા નંબર ૧ :-**

(૭) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક-૧૩ થી ફરીયાદી ગોપાળકુમાર કાળુભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ અમો તથા અપોકો ભાવેશભાઈ સરદારભાઈ તથા એએસસાઈ માર્મિકભાઈ હરેશભાઈ તથા બીજા પોલીસના માણસો તથા બે પંચો સાથે સોનગઢ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન મોજે સોનગઢ સાઈકૃપા ગેસ્ટ હાઉસની પાછળની ખુલ્લી જગયામા જાહેરમાં નીચે બેસી ગંજીપાના વડે હારજીતનો જુગાર રમે છે. જેથી સદર જગ્યાએ જઈ કાયેદસરની કાર્યવાહી કરવા પો.ઇ.એન.એસ.ચૌહાણનાઓની સુચના મુજબ સદર જગ્યાએ અલગ અલગ મોટરસાઈકલ ઉપર જઈ રેડ કરતા એક ઝાડના છાયડામાં બે ઈસમો પૈસાવતી હારજીતનો ગંજીપાનાનો જુગાર રમતા હોય જેથી સાથેના પોલીસ સ્ટાફ દ્વારા આયોજન પુર્વક કોર્ડન કરી જેતે સ્થિતીમા સ્થળ ઉપર પકડી પાડેલ સદર ઈસમો જે જગ્યાએ બેસલ હતા તે જગ્યાએ ગંજીપાના છુટા છવાયા પડેલ હતા તથા વચ્ચેના ભાગે

==========================================================

જુગારના દાવના રુપિયા મુકેલ હતા. સદર પકડાયેલ ઈસમો પાસે જુગાર બાબતે પાસ પરમીટ માગતા નહી હોવાનું જણાવતા સદર ઈસમો પાસે દાવના રુપિયા તથા ગંજીપાના નંગ–પર મળી આવેલ અને દાવ ઉપરના અલગ અલગ ચલણી નોટો રુ.૩૪૦/–મળી આવેલ સદર પકડાયેલ ઈસમોને પંચો રુબરુ નામઠામ પુછતા તેઓએ પોતાનું નામ નિલેશભાઈ ઉર્ફે ટાયસનભાઈ રમણભાઈ કોંકણી રહે, સોનગઢનાઓ હોવાનું જણાવેલ તેમની અંગઝડતી કરતા તેમની પાસેથી અલગ અલગ દરની ચલણીનોટો રુ.૪૮૦/–મળી આવેલ તથા બીજા ઈસમનુ નામહામ પુછતા તેઓએ પોતાનુ નામ અયુભાઈ બાબુભાઈ ગામીત રહે, પાખરી નાઓ હોવાનું જણાવેલ તેનું અંગઝડતી કરતા તેમની પાસે અલગ અલગ દરની ચલણી નોટો મળી આવેલ રોકડા રુ.૩૯૦/– મળી આવેલ. સાથેના એએસસાઈ માર્મિકભાઈ હરેશભાઈનાઓએ સદર હું મુદ્દામાલ પંચનામની વિગતે તપાસ અર્થે કબજે કરેલ. અમોએ આરોપી વિરુદ્ધ ફરીયાદ આપેલ. જે ફરીયાદમા મારી સહી છે જે ફરીયાદ રજુ દાખલ આંક–૧૪ આપવમાં આવે છે.

સદર ફરીયાદીની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે. એ વાત ખરી નથી કે મારી ફરીયાદ માં જણાવેલ પંચનામા ખોટી રીતે જણાવેલા છે. એ વાત ખરી છે કે પેટ્રોલીંગનો સમય તથા મોટરસાઈકલનો રજીસ્ટ્રેશન નંબર ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે નિવેદનમા ચલણીનોટો કયા કયા દરની હતી તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે પત્તા દુકાનમાંથી મળી શકે પરંતુ તે જાહેરમા મળી શકે નહી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી પ્રતિબંધીત વસ્તુ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોવા છતા ખોટી ફરીયાદને સમર્થ આપવા ખોટી જુબાની આપુ છુ.

(૮) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક–૭ થી પંચ સાહેદ નિલેશભાઈ મનસુખભાઈ તથા આંક–૯ થી પંચ સાહેદ વિજયભાઈ બાકીલાલભાઈનાઓને તપાસેલા છે તેઓ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓએ આંક–૮ વાળા પંચનામાની હકીકતને સમર્યન કરેલ ન હોઈ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ–૧૫૭ અનુસાર ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા વિ.એ.પી.પી.શ્રીને પંચ સાહેદોની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ, તેમાંથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કે પંચનામાને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારબાદ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામા અંગે તેઓને સહી કર્યા સીવાય કોઈ જાત માહીતી નથી.

==========================================================

==========================================================================

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક–૧૦ થી સાહેદ દશરથભાઈ ભુપતભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા. તા. ૨૬ / ૦૫ /૨૦૨૫ ના રોજ અમો તથા અપોકો ગોપાળભાઇ કાળુભાઇ તથા એએસસાઇ માર્મિકભાઈ હરેશભાઇ તથા બીજા પોલીસના માણસો તથા બે પંચો સાથે સોનગઢ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન મોજે સોનગઢ સાઈકૃપા ગેસ્ટ હાઉસની પાછળની ખુલ્લી જગયામા જાહેરમાં નીચે બેસી ગંજીપાના વડે હારજીતનો જુગાર રમે છે. જેથી સદર જગ્યાએ જઈ કાયેદસરની કાર્યવાહી કરવા પો.ઇ.એન.એસ.ચૌહાણનાઓની સુચના મુજબ સદર જગ્યાએ અલગ અલગ મોટરસાઈકલ ઉપર જઈ રેડ કરતા એક ઝાડના છાયડામાં બે ઈસમો પૈસાવતી હારજીતનો ગંજીપાનાનો જુગાર રમતા હોય જેથી સાથેના પોલીસ સ્ટાફ દ્વારા આયોજન પુર્વક કોર્ડન કરી જેતે સ્થિતીમા સ્થળ ઉપર પકડી પાડેલ સદર ઈસમો જે જગ્યાએ બેસલ હતા તે જગ્યાએ ગંજીપાના છુટા છવાયા પડેલ હતા તથા વચ્ચેના ભાગે જુગારના દાવના રુપિયા મુકેલ હતા. સદર પકડાયેલ ઈસમો પાસે જુગાર બાબતે પાસ પરમીટ માગતા નહી હોવાનું જણાવતા સદર ઈસમો પાસે દાવના રુપિયા તથા ગંજીપાના નંગ–૫૨ મળી આવેલ અને દાવ ઉપરના અલગ અલગ ચલણી નોટો રુ.૩૪૦/–મળી આવેલ સદર પકડાયેલ ઈસમોને પંચો રુબરુ નામઠામ પુછતા તેઓએ પોતાનું નામ નિલેશભાઈ ઉર્ફે ટાયસનભાઈ રમણભાઈ કોંકણી રહે, સોનગઢનાઓ હોવાનું જણાવેલ તેમની અંગઝડતી કરતા તેમની પાસેથી અલગ અલગ દરની ચલણીનોટો રુ.૪૮૦/–મળી આવેલ તથા બીજા ઈસમનુ નામઠામ પુછતા તેઓએ પોતાનુ નામ અયુભાઈ બાબુભાઈ ગામીત રહે, પાખરી નાઓ હોવાનું જણાવેલ તેનું અંગઝડતી કરતા તેમની પાસે અલગ અલગ દરની ચલણી નોટો મળી આવેલ રોકડા રુ.૩૯૦/– મળી આવેલ. સાથેના એએસસાઈ માર્મિકભાઈ હરેશભાઈનાઓએ સદર હું મુદ્દામાલ પંચનામની વિગતે તપાસ અર્થે કબજે કરેલ. સાથેના અપોકો ગોપાળભાઈ કાળુભાઈનાઓએ આરોપી વિરુદ્ધ ફરીયાદ આપેલ.

સદર સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે. એ વાત ખરી નથી કે મારા નિવેદનમાં જણાવેલ પંચનામા ખોટી રીતે જણાવેલા છે. એ વાત ખરી છે કે પેટ્રોલીંગનો સમય તથા મોટરસાઈકલનો રજીસ્ટ્રેશન નંબર નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે નિવેદનમા ચલણીનોટો કયા કયા દરની હતી તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે પત્તા દુકાનમાંથી મળી શકે પરંતુ તે જાહેરમા મળી શકે નહી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી પ્રતિબંધીત વસ્તુ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોવા છતા ખોટી ફરીયાદને સમર્થ આપવા ખોટી જુબાની આપુ છુ.

==========================================================================

====================================================================

(૧૦) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક–૧૫ થી સાહેદ ભાવેશભાઈ સરદારભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૨૬ / ૦૫ /૨૦૨૫ ના રોજ અમો તથા અપોકો ગોપાળભાઇ કાળુભાઇ તથા એએસસાઈ માર્મિકભાઇ હરેશભાઇ તથા બીજા પોલીસના માણસો તથા બે પંચો સાથે સોનગઢ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન મોજે સોનગઢ સાઈકૃપા ગેસ્ટ હાઉસની પાછળની ખુલ્લી જગયામા જાહેરમાં નીચે બેસી ગંજીપાના વડે હારજીતનો જુગાર રમે છે. જેથી સદર જગ્યાએ જઈ કાયેદસરની કાર્યવાહી કરવા પો.ઈ.એન.એસ.ચૌહાણનાઓની સુચના મુજબ સદર જગ્યાએ અલગ અલગ મોટરસાઈકલ ઉપર જઈ રેડ કરતા એક ઝાડના છાયડામાં બે ઈસમો પૈસાવતી હારજીતનો ગંજીપાનાનો જુગાર રમતા હોય જેથી સાથેના પોલીસ સ્ટાફ દ્વારા આયોજન પુર્વક કોર્ડન કરી જેતે સ્થિતીમા સ્થળ ઉપર પકડી પાડેલ સદર ઈસમો જે જગ્યાએ બેસલ હતા તે જગ્યાએ ગંજીપાના છુટા છવાયા પડેલ હતા તથા વચ્ચેના ભાગે જુગારના દાવના રુપિયા મુકેલ હતા. સદર પકડાયેલ ઈસમો પાસે જુગાર બાબતે પાસ પરમીટ માગતા નહી હોવાનું જણાવતા સદર ઈસમો પાસે દાવના રુપિયા તથા ગંજીપાના નંગ–૫૨ મળી આવેલ અને દાવ ઉપરના અલગ અલગ ચલણી નોટો રુ.૩૪૦/–મળી આવેલ સદર પકડાયેલ ઈસમોને પંચો રુબરુ નામઠામ પુછતા તેઓએ પોતાનું નામ નિલેશભાઈ ઉર્ફે ટાયસનભાઈ રમણભાઈ કોંકણી રહે, સોનગઢનાઓ હોવાનું જણાવેલ તેમની અંગઝડતી કરતા તેમની પાસેથી અલગ અલગ દરની ચલણીનોટો રુ.૪૮૦/–મળી આવેલ તથા બીજા ઈસમનુ નામઠામ પુછતા તેઓએ પોતાનુ નામ અચુભાઈ બાબુભાઈ ગામીત રહે, પાખરી નાઓ હોવાનું જણાવેલ તેનું અંગઝડતી કરતા તેમની પાસે અલગ અલગ દરની ચલણી નોટો મળી આવેલ રોકડા રુ.૩૯૦/– મળી આવેલ. સાથેના એએસસાઈ માર્મિકભાઈ હરેશભાઈનાઓએ સદર હું મુદ્દામાલ પંચનામની વિગતે તપાસ અર્થે કબજે કરેલ. સાથેના અપોકો ગોપાળભાઈ કાળુભાઈનાઓએ આરોપી વિરુદ્ધ ફરીયાદ આપેલ.

સદર સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે. એ વાત ખરી નથી કે મારા નિવેદનમાં જણાવેલ પંચનામા ખોટી રીતે જણાવેલા છે. એ વાત ખરી છે કે પેટ્રોલીંગનો સમય તથા મોટરસાઈકલનો રજીસ્ટ્રેશન નંબર નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે નિવેદનમા ચલણીનોટો કયા કયા દરની હતી તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે પત્તા દુકાનમાંથી મળી શકે પરંતુ તે જાહેરમા મળી શકે નહી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી પ્રતિબંધીત વસ્તુ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોવા છતા ખોટી ફરીયાદને સમર્થ આપવા ખોટી જુબાની આપુ છુ.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક–૧૮ થી ત.ક.અ. માર્મિકભાઈ હરેશભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા. તા. ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ અમો તથા અપોકો ગોપાળભાઈ કાળુભાઈ તથા અહેકો દશરથભાઈ

====================================================================

ભુપતભાઈ તથા બીજા પોલીસના માણસો તથા બે પંચો સાથે સોનગઢ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન મોજે સોનગઢ સાઈકૃપા ગેસ્ટ હાઉસની પાછળની ખુલ્લી જગયામા જાહેરમાં નીચે બેસી ગંજીપાના વડે હારજીતનો જુગાર રમે છે. જેથી સદર જગ્યાએ જઈ કાયદસરની કાર્યવાહી કરવા પો.ઇ.એન.એસ.ચૌહાણનાઓની સુચના મુજબ સદર જગ્યાએ અલગ અલગ મોટરસાઈકલ ઉપર જઈ રેડ કરતા એક ઝાડના છાયડામાં બે ઈસમો પૈસાવતી હારજીતનો ગંજીપાનાનો જુગાર રમતા હોય જેથી સાથેના પોલીસ સ્ટાફ દ્વારા આયોજન પુર્વક કોર્ડન કરી જેતે સ્થિતીમાં સ્થળ ઉપર પકડી પાડેલ સદર ઈસમો જે જગ્યાએ બેસલ હતા તે જગ્યાએ ગંજીપાના છુટા છવાયા પડેલ હતા તથા વચ્ચેના ભાગે જુગારના દાવના રુપિયા મુકેલ હતા. સદર પકડાયેલ ઈસમો પાસે જુગાર બાબતે પાસ પરમીટ માગતા નહી હોવાનું જણાવતા સદર ઈસમો પાસે દાવના રુપિયા તથા ગંજીપાના નંગ-૫૨ મળી આવેલ અને દાવ ઉપરના અલગ અલગ ચલણી નોટો રુ.૩૪૦/-મળી આવેલ સદર પકડાયેલ ઈસમોને પંચો રુબરુ નામઠામ પુછતા તેઓએ પોતાનું નામ નિલેશભાઈ ઉર્ફે ટાયસનભાઈ રમણભાઈ કોંકણી રહે, સોનગઢનાઓ હોવાનું જણાવેલ તેમની અંગઝડતી કરતા તેમની પાસેથી અલગ અલગ દરની ચલણીનોટો રુ.૪૮૦/-મળી આવેલ તથા બીજા ઈસમનુ નામઠામ પુછતા તેઓએ પોતાનુ નામ અથુભાઈ બાબુભાઈ ગામીત રહે, પાખરી નાઓ હોવાનું જણાવેલ તેનું અંગઝડતી કરતા તેમની પાસે અલગ અલગ દરની ચલણી નોટો મળી આવેલ રોકડા રુ.૩૯૦/- મળી આવેલ. અમોએ સદર હું મુદ્દામાલ પંચનામની વિગતે તપાસ અર્થે કબજે કરેલ. સાથેના અપોકો ગોપાળભાઈ કાળુભાઈનાઓએ આરોપી વિરુદ્ધ ફરીયાદ આપેલ. સદર ગુનો રજીસ્ટર તથા આગળની તપાસ અમોને મળતા અમોએ તપાસ સંભાળી લીધેલ. સુંદર કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવેલા. સદર આરોપી સામે ચાર્જશીટ કરવા જતા પુરવા જણાઈ આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદર સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે. એ વાત ખરી નથી કે મારા નિવેદનમાં જણાવેલ પંચનામા ખોટી રીતે જણાવેલા છે. એ વાત ખરી છે કે પેટ્રોલીંગનો સમય તથા મોટરસાઈકલનો રજીસ્ટ્રેશન નંબર નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે નિવેદનમા ચલણી નોટો કયા કયા દરની હતી તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે પત્તા દુકાનમાંથી મળી શકે પરંતુ તે જાહેરમા મળી શકે નહીં. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી પ્રતિબંધીત વસ્તુ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોવા છતા ખોટી ફરીયાદને સમર્થ આપવા ખોટી જુબાની આપુ છુ.

**પુરાવાઓનું મુલ્યાંકન:-**

**(૧૨)** પ્રસ્તુત કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ તમામ પુરાવો અને કેસનુ સંપૂર્ણ રેકર્ડ તથા પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સમગ્રપણે ધ્યાને લેવામા આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફોજદારી

==========================================================================

વિધિશાસ્ત્રના પ્રસ્થાપિત થયેલા તેમજ કાયદાના સિધ્ધાંતો ધ્યાને રાખતાં આરોપીઓએ પોતાના ફાયદા સારુ જુગાર રમી રમાડી ધી જુગારધારાની કલમ કલમ ૧૨ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે ઉપર મુજબ રજુ રાખેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરીયાદીએ સ્ટાફના માણસો સાથે સદર જગ્યાએ રેડ કરેલાનુ જણાવે છે. જયારે આ કામે રજુ થયેલા પંચનામાના સાહેદની હાજરીમાં પંચનામું સ્થળ પર થયેલ હોય તેવુ જણાતું નથી. પરંતુ પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહી લીધેલી છે. આમ સદર પંચની હાજરીમાં સદર જગ્યાએ રેડ પાડી તેમજ તેમની હાજરીમાં સદર આરોપીઓની જડતી કરી રોકડ રકમ કે જુગારનુ સાહિત્ય જપ્ત કરી આરોપીઓની અટક કરેલ હોય તેવુ જણાતુ નથી. જેથી પંચની જુબાનીમા વિરોધાભાસ પેદા થાય છે. વધુમાં બનાવવાળી જગ્યા જે બતાવેલ છે અને ત્યાં આજુબાજુ ઘરો આવેલ હોય તે સ્વાભાવિક છે તેમજ અનેક માણસોની અવર જવર ચાલુ હોવાનુ પણ જણાઈ છે. જેથી તે સ્થળ જોતા સ્વતંત્ર સાહેદો આસાનીથી મળી આવી શકે તેમ હોવાં છતાં આ કામે માત્ર પોલીસના માણસોને જ સાહેદ તરીકે લેવામા આવેલ છે. શા માટે આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામા આવેલા નથી. આ સંજોગોમાં પંચસાહેદ સ્વતંત્ર સાહેદ છે તેઓ જયારે રેડ વાળા બનાવને સમર્થન કરતા નથી કે તેમની હાજરીમાં કોઈ આરોપીઓની જડતી તપાસ કરી જુગારનુ સાહિત્ય કે રોકડ રકમ સાથે આરોપીઓને અટક કરેલા હોય તેવુ જણાઈ આવતુ નથી. તેથી પોલીસે સાહેદોના જણાવ્યા મુજબની રેડવાળો આખો બનાવ શંકાસ્પદ બની રહે છે. વધુમાં ફરીયાદ મુજબ રોકડ રકમ, જુગારના સાધનો તથા અન્ય મુદામાલ પંચોની હાજરીમાં કબજે કરવામા આવેલ આવેલ પરંતુ પંચ સમર્થન આપતા ન હોઈ તેમની હાજરીમાં મુદામાલ કબજે કરેલ હોય તે હકીકત સાબિત થતી નથી. આમ, આ કામના ફરીયાદી પોલીસ સાહેદ હોઈ તેઓ આરોપી વિરૂધ્ધ ગુનો પુરવાર થાય તેમાં રસ ધરાવતાં હોય છે. જેથી તેઓની એકમાત્ર જુબાની ઉપર આધાર રાખી આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી.

(૧૪) <u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઇ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬– જી.એચ.જે. (૧)</u> માં પ્રસિધ્ધ થયેલ છે જેમાં નામદાર ગુજરાત વડી અદાલતના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જ્યારે પંચ સાહેદો ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદીના પુરાવા પર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહી. વધુમાં ફરિયાદીએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ મકાનો આવેલ હોવાનુ તથા બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર હોઈ ત્યાં લોકોની અવર જવર ચાલુ રહેતી છે તેમ છતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં આ કામે તપાસેલ ફરિયાદી પોલીસ સાહેદ હોઇ ફરીયાદપક્ષને સમર્થન આપે તેમ

==========================================================================

==========================================================

માનવાને કારણ રહે. આમ આવા શંકાસ્પદ પુરાવાના આધારે આ કામના આરોપીઓને સદર ગુના સાથે સાંકળી શકાય નહી. વધુમાં આ કામે ફરીયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદો સિવાય ચાર્જશીટ મુજબના તમામ દર્શાવેલ સાહેદોના જવાબોને શબ્દસઃ મૌખિક પુરાવા તરીકે માની લેવામાં આવે તો પણ આ કામે સાહેદોની જુબાની ધ્યાને લેતાં આ કામે તહોમતનામા મુજબનો ગુનો પુરવાર થતો નથી આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ સિવાય ચાર્જશીટ મુજબના તમામ દર્શાવેલ સાહેદોના જવાબોને એક સમયે શબ્દસઃ મૌખિક પુરાવા તરીકે માની લેવામાં આવે તો પણ આ કામે સાહેદની જુબાની જોતાં કેસમાં જણાવેલ કલમોના તત્વો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આ કામે તહોમતનામા મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૫)** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતનાં ૧૯૯૬ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમિનલ) પાના નં.૧૧૦૪ વાળા ચુકાદા મુજબ, સાહેદી લીસ્ટમાના અન્ય સાહેદોને જો તપાસવામાં આવે તો પણ કેસનાં અંતિમ પરિણામમાં કોઈ ફરક પડે તેમ જણાતું ન હોય ત્યારે માત્ર પ્રક્રિયા પુરી કરવા માટે થઈને અન્ય સાહેદોને તપાસવા માટે અદાલતનો કિંમતી સમય વેડફવો ન્યાયોચિત જણાતુ ન હોય અન્ય સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી.

**(૧૫.૧)** નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદા AIR 2001 (S.C) 1380 "Sohan v. State of Haryana" માં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે,

“ 21. An accused is presumed to be innocent until he is found guilty. The burden of proof, that he is guilty, is on the prosecution and that the prosecution has to establish its case beyond all reasonable doubts. In other words, the innocence of an accused can be dispelled by the prosecution only on establishing his guilt beyond all reasonable doubts on the basis of evidence.”

**(૧૫.૨)** આમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે અને ફરીયાદ પક્ષે તેમના પોતાના વિશ્ર્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપીઓ સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આરોપીઓ ઉપર તે પોતે નિર્દોષ છે તેવુ સાબિત કરવાનો નકારાત્મક બોજો નાંખી શકાય નહી.

**(૧૬)** આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ આ કામે ફરીયાદ રજુ છે પરંતુ ફરીયાદ પક્ષે જે રીતે ફરીયાદની હકીકત વાજબી શંકાથી પર પુરવાર કરવી જોઇએ તે રીતે પુરવાર કરી શકેલ નથી. આ કામે બનાવવાળી જગ્યાનુ પંચનામું રજુ છે પરંતુ, તેના સમર્થનમાં તપાસેલ પંચ સાહેદ ફરી ગયેલ હોઇ તે પંચનામું વ્યર્થ પુરવાર થાય છે ત્યારે આ કેસનો ન્યાયિક નિર્ણય કરતી વખતે સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઇ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬– જી.એચ.જે.(૧) ધ્યાને લાવમાં છે જેમાં

==========================================================

===================================================

નામદાર ગુજરાત વડી અદાલતના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જ્યારે "પંચ સાહેદ ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદી તથા ત.ક. અમલદાર કે જેઓ પોલીસ સાહેદ હોય તેઓના પુરાવા પર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહી. વધુમાં આ કામે તપાસેલ ત.ક. અમલદારે બનાવવાળી જગ્યાની આજુબાજુના કોઈ સાહેદોના નિવેદન લીધેલ નથી, ત્યારે બનાવવાળી જગ્યાનું લોકેશન જોતાં ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળવું જરૂરી છે તેમ અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે. વધુમાં આ કામે તપાસેલ ફરિયાદી એ પોલીસ સાહેદ હોઇ ફરીયાદપક્ષને સમર્થન આપે તેમ માનવાને કારણ રહે. કાયદાનો કોઈ એવો નિયમ નથી કે પોલીસ સાહેદનો પુરાવો ન માનવો જોઈએ પરંતુ પોલીસ સાહેદોની જુબાની Substantive Piece Of Evidence નહી પરંતુ Corrobrative Piece Of Evidence છે. પોલીસ સાહેદોની જુબાનીને સ્વતંત્ર એવો પંચોની જુબાનીથી સમર્થન મળવુ જરૂરી છે. આમ, આવા શંકાસ્પદ પુરાવાના આધારે આ કામના આરોપીઓને સદર ગુના સાથે સાંકળી શકાય નહી. વધુમાં આ કામે ફરીયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદો સિવાય ચાર્જશીટ મુજબના તમામ દર્શાવેલ સાહેદોના જવાબોને શબ્દસઃ મૌખિક પુરાવા તરીકે માની લેવામાં આવે તો પણ, આ કામે સાહેદોની જુબાની ધ્યાને લેતાં આ કામે તહોમતનામા મુજબનો ગુનો પુરવાર થતો નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકતો અને સંજોગો જોતાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નંબર-૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર-૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

===================================================

**// <u>હુકમ</u> //**

===================================================

**(૧)** આ કામના આરોપી (૧)નિલેષભાઈ ઉર્ફે ટાઈસન રમણભાઈ કોંકણી, રહે.હાથી ફળીયુ, તા.સોનગઢ, જી.તાપી. (૨)અયુબભાઈ બાબુભાઈ ગામીત, રહે.પાંખરી નિશાળ ફળીયુ, તા.ઉચ્છલ, જી.તાપીનાઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૮ (૧) અન્વયે તેઓની સામેના જુગાર ધારાની કલમ- ૧૨ અન્વયેના ગુન્હાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ભવિષ્યમા આ ચુકાદા વિરૂધ્ધ અપીલ દાખલ થાય તો તેવા સંજોગોમા આ કામના આરોપીના હાલના જામીન છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

===================================================

(૩) કબજે કરવામાં આવેલ મુદામાલ રોકડ રકમ અપીલ પીરીયડ વીત્યેથી સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ અન્ય મુદામાલ અપીલ સમય વીત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ–૦૧ લી, માહે–એપ્રિલ, સને ૨૦૨૬ ના ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૧–૦૪–૨૦૨૬
સ્થળ: સોનગઢ.

**(એમ.ડી.પરમાર)**
જજ કોડ નં. જીજે ૦૧૩૦૪
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સોનગઢ.